તા. ૦૩.૦૬.૨૦૨૫ પાના નં-૦૮

ગુજરાત સમાચાર (સુરત)

ભાવનગર-અમરેલીના કલેક્ટર વચ્ચે યોજાયેલી બેઠકમાં

# અમદાવાદ-ધોલેરા મેટ્રો પ્રોજેક્ટને ભાવનગર સુધી લંબાવવા ચેમ્બરનું સૂચન

ભાવનગર, તા. ૨

કોસ્ટલ સૌરાષ્ટ્ર ઈકોનોમી માસ્ટર પ્લાન અંતર્ગત ભાવનગર-અમરેલીના કલેકટર વચ્ચે યોજાયેલી બેઠકમાં હાજર રહેલાં સૌરાષ્ટ્ર ચેમ્બરના પ્રતિનિધિઓએ બન્ને જિલ્લાના સર્વાંગી વિકાસને ધ્યાને લઈ અમદાવાદ-ધોલેરા મેટ્રો પ્રોજેકટને ભાવનગર સુધી લંબાવવા માટે સૂચન કર્યું હતું.

## મેગા પ્રોજેક્ટ ઝડપથી શરૂ થાય તો ભાવનગર, અમરેલીમાંથી સ્થળાંતર ઘટવાની સાથે રોજગારી વધવાની આશા

ચેમ્બરના પ્રતિનિધિઓએ સૂચન કરતાં ઉમેર્યું કે, હાલ ભાવનગરથી અંદાજે ૭૦ કિમી દૂર આવેલાં ધોલેરાનો બહુહેતુક વિકાસ થઈ રહ્યો છે અને આવતા દિવસોમાં અહીં મોટા ઉદ્યોગગૃહોથી લઈ એરપોર્ટ સહિતની અનેકવિધ સુવિધા ઉપલબ્ધ બને તેવી કામગીરી શરૂ થઈ છે. જેને ધ્યાને લેતા આગામી દિવસોમાં અમદાવાદથી ધોલેરા વચ્ચે મેટ્રો પ્રોજેકટની જાહેરાત થઈ છે. ત્યારે આ પ્રોજેકટ ભાવનગર સુધી લંબાવવામાં આવે તે જરૂરી છે તેમ જણાવતાં પ્રતિનિધિઓએ ઉમેર્યું કે, ધોલેરાથી ભાવનગરનું અંતર નજીક છે વળી ભાવનગરમાં શિપબ્રેકિંગ, ડાયમંડ, મીઠા તથા મીઠા આધારિત મરિન કેમિકલ્સ, કાસ્ટિંગ, રોલિંગ મીલ, કન્ટેનર સહિતના ઉદ્યોગો કાર્યરત છે જેનો પણ ધોલેરા સાથે જોડી દેવામાં આવે તો બન્ને તરફી બેવડો લાભ થવાની શક્યતાઓ છે.

ઉપરાંત, ભાવનગરના વિકાસ પર કેન્દ્રીત મુદ્દાઓ અંગે ચેમ્બર પ્રતિનિધિઓએ જણાવ્યું કે, આગામી દિવસોમાં ભાવનગરમાં શિપ બિલ્ડિંગ, સીએનજી ટર્મિનલ, સોલાર તથા વિન્ડ પાવર જનરેશન સહિતના ઉદ્યોગોની સંભાવનાછે. તેમાં ઝડપ લાવવાની સાથોસાથ એજ્યુકેશન હબ તરીકે વિકસીત ભાવનગરમાં સ્પોર્ટસ ટૂરિઝમ, મેડિકલ ટૂરિઝમ વિકસાવવા પણ સૂચન કરાયું હતું. ઉપરાંત, ભાવનગરમાં આઈટી પાર્ક માટે જગ્યા ફાળવવા તથા ભાવનગરથી ભરૂચને જોડતાં બ્રિજ તથા હાઈ-વે પ્રોજેકટને ઝડપથી કાર્યરત કરવા સાથે સુરત સાથે એર કનેક્ટિવિટી શરૂ કરવા પણ સૂચન કરી પ્રતિનિધિઓએ ઉમેર્યું કે, આ ઉદ્યોગોના કારણે ભાવનગર ઉપરાંત, અમરેલી જિલ્લામાંથી સ્થળાંતર ઘટવાની સાથે બન્ને જિલ્લામાં રોજગારી વધવાની પણ આશા વ્યક્ત કરવામાં આવી હતી.